# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૯ તા.૨૯-૧૧-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી અંગે

સંદર્ભ :-૧. નાયબ શિક્ષણ નિયામક,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ગુ.રા. ગાંધીનગરના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/૧૨/ક/૪૮૪૩-૯૩ તા.૨૩-૫-૧૨

૨. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૧૮-૨-૧૪

૩. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૫-૭-૧૪

૪. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૨-૮-૧૪

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના સંદર્ભ હેઠળના પરિપત્રથી પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સર્વ સામાન્ય સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જિલ્લા ફેરબદલી અંગેની સુચના પ્રકરણ-ઘ(૩) અન્વયે જિલ્લા ફેરબદલી ઈચ્છતા શિક્ષકોએ જે તે વર્ષની ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર સુધીમાં જિલ્લા ફેરબદલી અંગેની અરજી નિયત ફોર્મમાં પોતાની સમિતિમાં શાસનાધિકારીને કરવાની રહે છે તેમજ પ્રકરણ-ચ(૨) મુજબ અરસપરસ જિલ્લા ફેરબદલી માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી અરસપરસ જિલ્લા ફેરબદલીની અરજી કરવાની રહે છે. આથી જિલ્લા ફેરબદલી (એકતરફી તથા અરસપરસ) ઈચ્છતા શિક્ષકોએ જિલ્લા ફેરબદલી (એકતરફી તથા અરસપરસ)ની અરજીઓ અંગેના ફોર્મ્સ મુખ્ય શિક્ષકશ્રીના રિપોર્ટથી ડીસેમ્બર માસમાં એસ્ટાબ્લીશમેન્ટ બ્રાંચ એલિસબ્રીજ-૧૦, નવરંગપુરા ખાતેથી મેળવવાના રહેશે. ડીસેમ્બર માસ સિવાય જિલ્લા ફેરબદલીના ફોર્મ્સ આપવામાં આવશે નહિં. આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો. જિલ્લા ફેરબદલી માટેની સૂચનાઓ નીચે મુજબ છે તેનો અમલ કરવો.

(૧) જિલ્લા ફેરબદલી માટેની અરજી એક જ વખત કરવાની રહેશે જે કાયમ રાખવાની રહેશે.

(૨) જિલ્લા ફેરબદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન માત્ર એક જ વખત મળી શકશે.

(૩) જિલ્લા ફેરબદલીથી બદલાઈ જવા માગતા શિક્ષકે અરજીપત્રકની ત્રણ ઝેરોક્ષ નકલ કઢાવી તેમાં શાળાના મુખ્યશિક્ષકશ્રી તથા ઝોનલ આસિ.એ.ઓ.શ્રીના સહી સિકકા કરાવી રૂબરૂમાં ડીસ્પેચ બ્રાંચ મુખ્ય ઓફિસ ખાતે જમા કરાવવાના રહેશે. ટપાલમાં કે અન્ય રીતે મોકલેલ અરજીની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહીં.

(૪) જિલ્લા ફેરબદલીથી બદલાઈ જવા માંગતા શિક્ષકની નોકરી જે તે શિક્ષણ સમિતિમાં જે તે વર્ષની ૩૧ ડીસેમ્બર સુધી પાંચ વર્ષની પૂર્ણ હોવી જોઈશે તથા વિદ્યાસહાયક પૂરા પગારી પાત્રતા ધરાવતા હોવા જોઈશે. અરસપરસ જિલ્લા ફેરબદલી માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી અરસ પરસ જિલ્લા ફેરબદલી કરવાની રહેતી હોવાથી ૩૧મી માર્ચના રોજ અરજી કરતી વખતે પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ.

(૫) અરસપરસ જિલ્લા ફેરબદલીમાં સંકળાયેલા બન્ને શિક્ષકોને પરસ્પર એક બીજાની શાળામાં જ મુકવાના રહેશે અન્ય શાળામાં નિમણૂંક આપી શકશે નહિં.

(૬) નિવૃત્તિને પાંચ વર્ષથી ઓછો સમય બાકી હોય તેમને જિલ્લા ફેરબદલીનો લાભ મળી શકશે નહીં.

(૭) અરસપરસ જિલ્લા ફેરબદલી માંગતા બન્ને શિક્ષકો એક જ વિભાગના હોવા જોઈએ. જુદા-જુદા વિભાગોના શિક્ષકોની અરસપરસ જિલ્લા ફેરબદલી થઈ શકશે નહિ એટલે કે પ્રાથમિક શિક્ષકની સામે પ્રાથમિક શિક્ષક અને જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની સામે જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની અરસપરસ જિલ્લા ફેરબદલી થઈ શકશે.

(૮) વિધવા/અપંગ/પ્રાથમિક શિક્ષક દંપત્તિ / દંપત્તિ તથા વાલ્મીકી સમાજના કિસ્સામાં અરજી સાથે જરૂરી આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અન્યથા અરજી રદ કરવામાં આવશે. વિધવા કેટેગરીમાં લાભ લેવા માટે અરજદારે પતિના મરણનો દાખલો તથા વિધવા હોવા બાબતનું રૂ.૫૦/-(રૂપિયા પચાસ)ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું રજુ કરવાનું રહેશે. શારીરિક વિકલાંગ શિક્ષક/શિક્ષિકાએ વિકલાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણાપત્ર રજુ કરવાનું રહેશે. પ્રાથમિક શિક્ષક દંપતિના લાભ માટે લગ્ન અંગેનું લગ્ન નોંધણીનો દાખલો તથા પતિ/પત્નિ જે શાળામાં નોકરી કરતા હોય તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીનો દાખલો અરજી સાથે જોડવાનો રહેશે તથા દંપત્તિ કેસમાં પતિ કે પત્નિ જે સંસ્થા કે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીનાં વડાનું આ સાથે સામેલ નમુના મુજબનાં પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે. સમગ્ર નોકરી દરમયાન માત્ર એક જ વાર અગ્રતાનો લાભ લઈ શકશે.

(૯) અરસપરસ જિલ્લા ફેરબદલીના કિસ્સામાં એકવાર સંમતિ આપ્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી રદ કરી શકશે નહિ તથા ખોટા પ્રમાણપત્ર કે ખોટી માહિતી રજુ કરી જિલ્લા ફેરબદલીનો લાભ લેનારના કિસ્સામાં કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૦) અરસ-પરસથી બદલીની માંગણી કરનાર શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઈએ. આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃત્તિ માંગશે નહી લેખિત તેવી બાંહેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.

(૧૧) અરસ-પરસથી બદલીની માંગણી કરનાર શિક્ષકોની માંગણી તેમના વતનના તાલુકા / જિલ્લામાં જવાની હોવી જોઈએ અને મહિલા શિક્ષિકા માટે તેના સાસરી કે પીયરના જિલ્લા / તાલુકાની માંગણી હોવી જોઈએ. તે સિવાયના કોઈપણ કારણોસર અરસ-પરસ બદલીની માંગણી થઈ શકશે નહીં તેમજ આધાર-પુરાવા સાથેના પ્રતિતિકર કારણો હોય તેવા કેસોમાં જ અરસ-પરસ બદલી કરી શકાશે. અરસ-પરસ બદલી માંગતા બન્ને શિક્ષકો એક જ વિભાગનાં હોવા જોઈએ. જુદા જુદા વિભાગોના શિક્ષકોની અરસ-પરસ બદલી થઈ શકશે નહીં.

તા.૨૯-૧૧-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી